# ડાકોર ભવન્સ કોલેજના પટ્ટાંગણમાં ૭૭માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી

## ખેડા જિલ્લા પ્રભારી મંત્રી રમણભાઈ સોલંકીની મુખ્ય ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમમાં રમતવીરો, દાતાઓ અને કર્મયોગીઓ સહિતના સેવાકર્મીઓનું વિશેષ સન્માન : પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિતે જિલ્લા વહીવટી તંત્રને વિકાસકામો માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કરાયો

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પ સાથે દેશ વિકાસના અનેક સોપાનો શિર કરી રહ્યો છે ત્યારે ગુજરાત પણ સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્ર થકી ભારતના નકશા પર પોતાનું સ્થાન અંકિત કરી રહ્યું છે

### ડાકોર ખાતે રૂ. ૧૨૫ કરોડના ખર્ચે પ્રવાસનના કામોને મંજૂરી આપવામાં આવશે

ગાંધીનગર,

અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના કેબીનેટ મંત્રી શ્રી અને ખેડા જિલ્લા પ્રભારી મંત્રી શ્રી રમણભાઈ સોલંકીની મુખ્ય ઉપસ્થિતિમાં ખેડા જિલ્લાની પવિત્ર ભૂમિ ડાકોર ખાતે ભવન્સ કોલેજના પટ્ટાંગણમાં ૭૭માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. મંત્રીશ્રીએ તિરંગો લહેરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી અને ઉપસ્થિત સૌ અધિકારીઓ, પદાધિકારીઓ અને નગરજનોએ પોલીસ બેન્ડની સુમધુર સુરાવલીઓ હેઠળ રાષ્ટ્રગાન ગાઈ ધ્વજ વંદન કર્યા અને રાષ્ટ્ર સમર્પિત કાર્યો કરવા સંકલ્પ લીધો હતો.

મંત્રીશ્રી રમણભાઈ સોલંકી, જિલ્લા કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવ અને પોલીસ અધિક્ષક શ્રી વિજય પટેલે વિશેષ તૈયાર કરેલ જીપમાં સવાર થઈ પરેડનું નિરક્ષણ કરી ડાકોરવાસીઓનું અભિવાદન કર્યું હતુ.

આ અવસરે પ્રભારી મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતુ કે ખેડા જિલ્લો ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાની દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. મંત્રીશ્રીએ ડાકોર, ગળતેશ્વર અને વડતાલ સ્વામીનારાયણ મંદિરની આગવી વિશેષતાઓની વાત કરી હતી. તેમણે જણાવ્યુ કે ડાકોરની ધરતી એ માત્ર યાત્રાધામ નથી પરંતુ એક વિશ્વાસનું પ્રતીક છે, શ્રદ્ધા અને સંકલ્પનો સંગમ છે. સાથે જ, ચરોતર વિસ્તારની ફળદ્રુપતા, સમૃદ્ધિ અને સાક્ષરતાના મંત્રીશ્રીએ વખાણ કર્યા હતા.

મંત્રીશ્રીએ મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભાઈ પટેલ, રવિશંકર મહારાજ અને ઈન્દુલાક યાજ્ઞિક જેવા મહાપુરુષોના સામાજિક-રાજકીય યોગદાનને યાદ કર્યુ હતુ. નડિયાદનું મહત્વ ઉજાગર કરતા મંત્રીશ્રીએ જણાવ્યુ કે, અખંડ ભારતના રચયિતા સરદાર વલ્લભભાઈ પટેલે અસંખ્ય નાના-મોટા રજવાડાને એકત્ર કરી ભારતને એક સમૃદ્ધ રાજકીય નકશો પૂરો પાડ્યો હતો, તેમની આ જન્મભૂમિ રહી છે.

ખેડા જિલ્લાની પ્રગતિ વિશે જણાવતા મંત્રીશ્રીએ કહ્યું કે જિલ્લાના પ્રવાસન અને વનીકરણને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઠાસરા તાલુકાના ગળતેશ્વર મુકામે ૨૪માં સાંસ્કૃતિક વનનું પણ લોકાર્પણ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત ચાલુ વર્ષે ખેડા જિલ્લામાં કુલ ૪૭ લાખથી પણ વધુ વૃક્ષોનું વાવેતર કરી ખેડા જિલ્લાને હરિયાળો બનાવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે.

ખેડા જિલ્લામાં ગાંધી જીવન પ્રેરિત મૂલ્યો અને પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ માતર તાલુકાના દેથલી મુકામે ગ્રામ કલ્યાણ કાર્યક્રમનું આયોજન કરી જનજાગૃતિનું કાર્ય કર્યું છે.

કેબિનેટ મંત્રીશ્રીએ ઉમેર્યું હતુ કે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પ સાથે દેશ વિકાસના અનેક સોપાનો શિર કરી રહ્યો છે. ત્યારે ગુજરાત પણ સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્ર થકી ભારતના નકશા પર પોતાનું સ્થાન અંકિત કરી રહ્યુ છે.

રાજ્યના કૃષિ વિકાસની વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે ખેડૂત મિત્રોને આર્થિક ટેકાના ભાવ મળી રહે તે માટે સરકારે ચાલુ વર્ષે ૬.૫૦ લાખથી પણ વધુ ખેડૂતો પાસેથી ખરીફ સીઝનમાં ૧૦,૫૦૦ કરોડથી વધુ રકમની ખરીદી કરી છે.

શૈક્ષણિક સિદ્ધિઓની વાત કરતા તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકારે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૭મી જન્મજયંતિએ રાજ્યના ૩૦ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક તરીકે પારિતોષિક એનાયત કરી સન્માન કરવામાં આવ્યુ. રાજ્યમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા 'નમો લક્ષ્મી યોજના' હેઠળ ૧૦ લાખથી પણ વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦ કરોડથી વધુ રકમની આર્થિક સહાય કરવામાં આવી છે. દીકરીઓ વિજ્ઞાન પ્રવાહમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત થાય તે માટે શરૂ કરેલી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના સહાય યોજના' હેઠળ ૧,૫૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને રૂ. ૧૬૦ કરોડથી વધુ રકમની આર્થિક સહાય કરવામાં આવી છે. વિશેષ કરીને બાળકોને શિક્ષણ સાથે પોષણ મળે એ હેતુસર 'મુખ્યમંત્રી પૌષ્ટિક આહાર યોજના'નો લાભ રાજ્યના ૪૦ લાખથી વધુ બાળકોને મળી રહ્યો છે.

સાથે સાથે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વીતા મુક્ત ગુજરાત' આ અભિયાન અંતર્ગત વડાપ્રધાનશ્રીના ૭૫માં જન્મદિવસે ૭૫ સ્થળોએ મેદસ્વીતા નિવારણ માટે યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

ગુજરાત હવે માત્ર વેપારમાં નહીં પણ રમતગમતના મેદાનમાં પણ પોતાનું કૌવત બતાવી રહ્યું છે. ગુજરાત સરકાર દ્વારા રમતવીરોને પ્રોત્સાહન આપવા માટે નવી સ્પોર્ટ્સ પોલિસી ૨૦૨૫ જાહેર કરવામાં આવી છે. જેનાથી રાજ્યમાં રમતગમત માટેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ વેગ આપવામાં આવ્યો છે.

'ખેલે તે ખીલે' આ વિચાર સાથે શરૂ કરેલ ખેલ મહાકુંભમાં આ વર્ષે પણ અંદાજે ૭૦ લાખથી વધુ રમતવીરોએ ભાગ લીધો હતો. રાજ્યમાં દિવ્યાંગ રમતવીરોએ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે ૧૪૦ થી વધુ મેડલ્સ પ્રાપ્ત કર્યા છે.

ગુજરાત પોલીસની પ્રો-એક્ટિવ અભિગમ સાથેની કામગીરીને લીધે આખા દેશમાં સૌથી સુરક્ષિત રાજ્ય પૈકીનું એક ગુજરાત રાજ્ય બન્યું છે. ગ્રામ્ય સ્તરે સુરક્ષા મજબૂત કરવા માટે પોલીસ અને સરપંચ પરિસંવાદ દ્વારા સાચા અર્થમાં ગામડાના પ્રશ્નોને વાચા આપી પોલીસ અને પ્રજા વચ્ચેનો સંવાદ કેળવવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬ને 'પ્રવાસન વર્ષ' તરીકે ઉજવવાનું કાર્ય નક્કી કર્યું છે. જે અંતર્ગત પવિત્ર ધામ ડાકોર ખાતે પણ રૂ. ૧૨૫ કરોડના ખર્ચે વિકાસના કામોને મંજૂરી આપવામાં આવશે એમ મંત્રીશ્રીએ જાહેરાત કરી હતી.

કાર્યક્રમ અંતર્ગત પોલીસ વિભાગની મહિલા પોલીસ, હોમગાર્ડ જવાનો, માઉન્ટેન જવાનો, પોલીસ બેન્ડ, અશ્વ સવારો સહિતની ટુકડીઓ દ્વારા પ્લાટુન માર્ચ પાસ્ટ કરી કાર્યક્રમની શોભા વધારી હતી.

આ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને કાર્યક્રમોની માહિતી આપતો ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. વિકસિત ગુજરાત વિકસિત ખેડા, પીએમ સૂર્ય ઘર-મુફ્ત બીજલી યોજના તથા સ્માર્ટ મીટર, વૈજ્ઞાનિક ઢબે સ્થાનિક ઓલાદનુ સંરક્ષણ અને આદર્શ પશુપાલન થકી સ્વચ્છ દૂધ ઉત્પાદનમાં વધારો, પ્રાકૃતિક ખેતી, ગામનો નિર્ધાર સહકારથી સાકાર, નમો શ્રી યોજના અને પ્રસુતિ સહાય યોજના, વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન ગ્રામીણ, શૈક્ષણિક યોજનાઓ, આપણુ ખેડા હરીયાળુ ખેડા, આફત સામેની પુર્વ તૈયારીઓ, હર ઘર નલ સે જલ અને શિખસે સુરક્ષા, ટેકનોલોજી સે પરીવર્તન, ટ્રાફીક નિયમન અને રોડ સુરક્ષા થીમનુ ટેબ્લોના માધ્યમ થી પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ.

૭૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિતે ખેડા જિલ્લામાં વિભિન્ન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર

આભાર - નિહારીકા રવિયા

નાગરીકો, રમતવીરો અને કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યુ. જેમાં, રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા એવા પ્રાથમિક શાળા વાવડીના શિક્ષક શ્રી હિરેનકુમાર શર્મા, નડિયાદ મહાનગરપાલિકા ફાયરબ્રિગેડ ટીમ, નેશનલ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ વિજેતા શ્રી યાજ્ઞિકાબેન ગોસ્વામી, વોલીબોલ રમતવીર શ્રી મલેક મો.કૌસેન સાદિકમહંમદ તથા નૌમાન યાશીનમીયા, ફરછા ફેંક રમતમાં બ્રોન્ઝ મેડલ વિજેતા શ્રી અપેક્ષા ગામીત અને આર્ચરી રમતવીર શ્રી સરસ્વતી રાઠવાનુ પ્રમાણપત્ર આપી બહુમાન કરાયુ હતુ.

આ ઉપરાંત પ્રસુતિ માટે ઉમદા કામગીરી બદલ ડાકોર સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પીટલ, ઠાસરા પ્રાથમિક શિક્ષણની કલાવૃંદ વિદ્યાર્થીની શ્રી પ્રિયંકાબેન કટારા, અને ગુનાઓની ઝડપી તપાસ પુર્ણ કરી કાયદો વ્યવસ્થા સુદ્રઢ કરવા બદલ એલ.સી.બી, નડિયાદ પોલીસ ઈન્સ્પેક્ટ શ્રી કે.આર.વેકરીયા અને ડાકોર પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.ડી.ભીમાણી તથા ઈમર્જન્સી ૧૦૮ સેવાઓમાં સારી કામગીરી બદલ મેડિકલ ટેકનીશીયન શ્રી રવિન્દ્રભાઈ રાઠોડ અને પાયલટ શ્રી અરવિંદભાઈ વાઘેલા, ઓર્ગન ડોનર શ્રી સ્વ. શ્રી માયાબેન ચૌહાણના પરિવાર સભ્યો અને રોડ અકસ્માતમાં રાહવીર તરીકે ફરજ બજાવનાર શ્રી વિમલબેન પરમારનુ ઉત્કૃષ્ટ સેવાઓ બદલ સન્માન કરવામાં આવ્યુ હતુ.

કાર્યક્રમમાં અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની સુંદર પ્રસ્તુતિ દ્વારા નાગરીકોનું મનોરંજન કરવામાં આવ્યુ હતુ. જેમાં, કરાટે, ક્લાસિકલ ડાન્સ, દેશ ભક્તિ નૃત્ય, ફ્યુઝન ડાન્સ, રાજસ્થાની નૃત્ય, અને ગુજરાતી રાસ ગરબાની રમઝટ થી આ પાવન અવસર દીપી ઉઠ્યો હતો. કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંવર્ધનનો સંદેશો પાઠવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ઠાસરા ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, જિલ્લા કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી વિજય પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, આઈએએસ શ્રી અવની વોરા, નાયબ વન સંરક્ષક શ્રી અભિષેક સામરીયા, નિવાસી અધિક કલેક્ટરશ્રી જે.બી.દેસાઈ, ઠાસરા પ્રાંત અધિકારીશ્રી કરણ પ્રજાપતિ, અગ્રણી શ્રી નયનાબેન પટેલ, સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ સહિત જિલ્લાના આગેવાનો, મહાનુભાવો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ડાકોર નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અજિત પવાર એક મજબૂત ગ્રાસરુટ કનેક્શન ધરાવતા લોકોના નેતા હતા: વડાપ્રધાન મોદી

મુંબઈ,

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર આજે મુંબઈથી બારામતી જઈ રહ્યા હતા, પરંતુ તેમનું વિમાન લેન્ડિંગ દરમિયાન ક્રેશ થયું. અકસ્માતમાં તેમનું મૃત્યુ થયું. અજિત પવાર સહિત પાંચ લોકો વિમાનમાં સવાર હતા, અને તે બધા અકસ્માતમાં મૃત્યુ પામ્યા. વિમાન દુર્ઘટના વિનાશક હતી, જેના કારણે ઘટનાસ્થળેથી ધુમાડો નીકળતો હતો. વિમાન દુર્ઘટનામાં અજિત પવારના મૃત્યુના સમાચાર પછી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પ્લેટફોર્મ પર તેમના હેન્ડલ પરથી એક પોસ્ટ પોસ્ટ કરી. પોસ્ટમાં, તેમણે લખ્યું, "અજિત પવારજી એક મજબૂત ગ્રાસરુટ કનેક્શન ધરાવતા લોકોના નેતા હતા. મહારાષ્ટ્રના લોકોની સેવા કરવામાં મોખરે રહેલા મહેનતુ વ્યક્તિત્વ તરીકે તેમનું વ્યાપકપણે સન્માન કરવામાં આવતું હતું. વહીવટી બાબતોની તેમની સમજ અને ગરીબો અને વંચિતોને સશક્ત બનાવવાનો તેમનો જુસ્સો પણ પ્રશંસનીય હતો. તેમનું અકાળ અવસાન ખૂબ જ આઘાતજનક અને દુઃખદ છે. તેમના પરિવાર અને અસંખ્ય ચાહકો પ્રત્યે સંવેદના. ઓમ શાંતિ."

અજીત પવાર વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા જેમાં અજિત પવાર અને અન્ય ચાર મુસાફરોનું પણ મૃત્યુ થયું હતું. પીએમ નરેન્દ્ર મોદીએ પણ અન્ય લોકોના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો. બીજી પોસ્ટમાં તેમણે લખ્યું, "મહારાષ્ટ્રના બારામતીમાં થયેલા દુઃખદ વિમાન દુર્ઘટનાથી ખૂબ જ દુઃખ થયું છે. આ અકસ્માતમાં જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા

છે તેમના પ્રત્યે મારી સંવેદના છે. આ દુઃખની ઘડીમાં હું શોકગ્રસ્ત પરિવારોને શક્તિ અને હિંમત માટે પ્રાર્થના કરું છું."

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, "મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રી અજિત પવારના અચાનક અવસાન વિશે જાણીને મને ખૂબ જ આઘાત અને દુઃખ થયું છે. તેમના લાંબા જાહેર જીવન દરમિયાન, તેમણે મહારાષ્ટ્રના વિકાસ અને સમૃદ્ધિ માટે અથાક મહેનત કરી. તેઓ જાહેર સેવા પ્રત્યેના તેમના સમર્પણ અને લોકો પ્રત્યેની તેમની સંવેદનશીલતા માટે જાણીતા હતા. હું તેમના પરિવાર, શુભેચ્છકો અને પ્રશંસકો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું."

કેન્દ્રીય મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું, "આજે બારામતીમાં વિમાન દુર્ઘટનામાં અજિત પવારના દુઃખદ અવસાન પર હું શોક વ્યક્ત કરું છું. તેમના પરિવાર, પ્રિયજનો અને આ નુકસાનથી પ્રભાવિત બધા લોકો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના. જાહેર જીવનમાં તેમનું યોગદાન હંમેશા યાદ રહેશે, અને શોકગ્રસ્ત પરિવારને આ મુશ્કેલ સમયમાં શક્તિ મળે."

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું, "અમે દુઃખ અને શોકમાં છીએ... તેઓ મારા નજીકના મિત્ર હતા અને અમારી સરકારમાં મહત્વપૂર્ણ હોદ્દા પર રહ્યા હતા. તેઓ મહારાષ્ટ્રના એક મહાન નેતા હતા અને હવે અમારી સાથે નથી. તેમના બધા પરિવાર અને અનુયાયીઓ પ્રત્યે મારી ઊંડી સંવેદના." હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ તેમના પરિવારને આ મુશ્કેલ સમયમાં ધીરજ અને શક્તિ આપે..."

કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું, "હું સમગ્ર પવાર પરિવાર અને તેમના સમર્થકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું. મેં અજિત પવારના પત્ની સુનેત્રા અને સુપ્રિયા જી (સુપ્રિયા સુલે) સાથે વાત કરી છે."શિવસેના (યુબીટી)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું, "આ ખૂબ જ આઘાતજનક, દુઃખદ અને હૃદયદ્રાવક ઘટના છે.

# યુએઈ પછી, હવે સાઉદી અરેબિયાએ અમેરિકાને મોટો ફટકો માર્યો

વોશિંગ્ટન,

અમેરિકા પ્રત્યે સાઉદી અરેબિયાનો પ્રતિભાવ: ઈરાન પર હુમલો કરવાની ધમકી આપનાર અમેરિકાને ફરી એકવાર મોટો ઝટકો લાગ્યો છે. સંયુક્ત આરબ અમીરાત પછી, સાઉદી અરેબિયાએ પણ ઈરાન પર હુમલાની સંભાવના અંગે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે ફોન પર વાત કરી. વાતચીત દરમિયાન, પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે કિંગડમ ઈરાન વિરુદ્ધ કોઈપણ લશ્કરી કાર્યવાહી માટે તેના હવાઈ ક્ષેત્ર અથવા પ્રદેશનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે નહીં. આરબ ન્યૂઝ અનુસાર, ક્રાઉન પ્રિન્સે પેઝેશ્કિયાનને કહ્યું હતું કે સાઉદી અરેબિયા ઈરાનની સાર્વભૌમત્વનું સન્માન કરે છે અને સંવાદ દ્વારા વિવાદોને ઉકેલવાના કોઈપણ પ્રયાસને સમર્થન આપે છે જે પ્રદેશમાં સુરક્ષા અને સ્થિરતા વધારે છે. રાષ્ટ્રપતિએ ઈરાનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના સન્માનમાં કિંગડમના વલણ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને પ્રદેશમાં સુરક્ષા અને સ્થિરતા પ્રાપ્ત કરવાના તેમના પ્રયાસો બદલ ક્રાઉન પ્રિન્સનો આભાર માન્યો.

અગાઉ, ઈરાની મીડિયાએ પેઝેશ્કિયાનને ટાંકીને કહ્યું હતું કે તેહરાન હંમેશા આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરે છે અને યુદ્ધને અટકાવતી તેના માળખામાં કોઈપણ પ્રક્રિયાનું સ્વાગત કરે છે. પેઝેશ્કિયાને પ્રિન્સ મોહમ્મદને એમ પણ કહ્યું હતું કે ઇસ્લામિક દેશોની એકતા અને એકતા પ્રદેશમાં કાયમી સુરક્ષા, સ્થિરતા અને શાંતિની ખાતરી આપી શકે છે.

નોંધપાત્ર રીતે, ઈરાન સામે સંભવિત યુએસ લશ્કરી કાર્યવાહી અંગે અનિશ્ચિતતા રહે છે. યુએસ એરક્રાફ્ટ કેરિયર્સ અને યુદ્ધ જહાજો મધ્ય પૂર્વમાં આવી ગયા છે. ઈરાન સાથે વધતા તણાવ વચ્ચે, આ યુદ્ધ જહાજોને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં તેમની ચાલુ કામગીરીમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા છે અને મધ્ય પૂર્વમાં મોકલવામાં આવ્યા છે. આનાથી એવી અટકળોને વેગ મળ્યો છે કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેહરાન પર હુમલો કરવાનો આદેશ આપી શકે છે. આ જમાવટનો હેતુ પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાનો હોવાનું કહેવાય છે, પરંતુ તે અમેરિકાને ઈરાન સામે લશ્કરી કાર્યવાહીનો વિકલ્પ પણ પૂરો પાડે છે. ટ્રમ્પે એમ પણ કહ્યું છે કે તેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને જો જરૂરી હોય તો કાર્યવાહી કરી શકે છે. તેમણે એમ પણ કહ્યું છે કે આ જરૂરી ન પણ હોય.

# ભગીરથપુરામાં દૂષિત પાણીથી થયેલા ૧૬ મૃત્યુ સ્વીકારાયા, ૪ અપ્રમાણિત રહ્યા

ઈન્દોર,

હાઈકોર્ટે ભગીરથપુરા વિસ્તારમાં દૂષિત પાણીથી થયેલા મૃત્યુ અંગે દાખલ કરાયેલી જાહેર હિતની અરજીઓની સુનાવણી કરી, જેમાં અઢી કલાકથી વધુ સમય લાગ્યો. સુનાવણી દરમિયાન મુખ્ય સચિવ અનુરાગ જૈન વર્ચ્યુઅલી દસ મિનિટ માટે હાજર રહ્યા. આ સમયગાળા દરમિયાન, કોર્ટમાં ૨૩ મૃત્યુનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાંથી ૧૬ દૂષિત પાણીને કારણે થયા હતા. જોકે, ચાર કેસોમાં મૂંઝવણ હતી, અને ત્રણ મૃત્યુ દૂષિત પાણી સાથે જોડાયેલા હોવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. કોર્ટે રિપોર્ટની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને તેને આંખમાં ધોવા જેવું ગણાવ્યું હતું.

જસ્ટિસ વિજય કુમાર શુક્લા અને જસ્ટિસ આલોક અવસ્થીની બેન્ચે રિપોર્ટમાં ઉપયોગમાં લેવાયેલા "મૌખિક શબપરીક્ષણ" શબ્દ સામે વાંધો ઉઠાવ્યો હતો, પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શું આ શબ્દ તબીબી વિજ્ઞાન સાથે સંબંધિત છે કે ફક્ત રિપોર્ટમાં જ ઉપયોગમાં લેવાયો હતો. કોર્ટે એ પણ અવલોકન કર્યું હતું કે રિપોર્ટમાં મૃત્યુના કારણો સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યા નથી.

મ્યુનિસિપલ કોર્પોરેશને જણાવ્યું હતું કે ભગીરથપુરાના આશરે ૩૦ ટકા વિસ્તારમાં પાણી પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે.

# ઇમરાન ખાન અદિયાલા જેલમાં ગંભીર બીમારી સામે ઝઝૂમી રહ્યા છે, પરિવારને મળવાની મંજૂરી આપવી જોઈએ, પીટીઆઈ

### જેલ અધિકારીઓ આ ગંભીર બીમારીને અવગણી રહ્યા છે, આ સ્થિતિની સારવાર માટે ખાસ ઓપરેશન થિયેટર અને આધુનિક સુવિધાઓની જરૂર: પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાનના સ્વાસ્થ્ય અંગે પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ (પીટીઆઈ) એ દાવો કર્યો છે કે ઇમરાન ખાન તેમની દૃષ્ટિ કાયમ માટે ગુમાવી શકે છે. પાર્ટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર જારી કરેલા એક નિવેદનમાં આ બાબતે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.

પીટીઆઈ અનુસાર, મેડિકલ રિપોર્ટ્સમાં ખુલાસો થયો છે કે ઇમરાન ખાનને તેમની જમણી આંખમાં 'સેન્ટ્રલ રેટિના વેઇન ઓક્લુઝન' ની સમસ્યા છે. આ એક ખૂબ જ ગંભીર સ્થિતિ છે જે આંખની નસમાં ખતરનાક અવરોધનું કારણ બને છે. ડોકટરોએ ચેતવણી આપી છે કે જો તેની તાત્કાલિક અને યોગ્ય રીતે સારવાર ન કરવામાં આવે તો તેઓ તેમની દ્રષ્ટિ કાયમ માટે ગુમાવી શકે છે.

પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે જેલ અધિકારીઓ આ ગંભીર બીમારીને અવગણી રહ્યા છે. નિષ્ણાતો કહે છે કે આ સ્થિતિની સારવાર માટે ખાસ ઓપરેશન થિયેટર અને આધુનિક સુવિધાઓની જરૂર છે. આમ છતાં, જેલ અધિકારીઓ અદિયાલા જેલની અંદર તેમની સારવાર કરવાનો આગ્રહ રાખી રહ્યા છે. પીટીઆઈએ આને બેદરકારીભર્યું વલણ ગણાવ્યું છે. પાર્ટી કહે છે કે ઇમરાન ખાનનું સ્વાસ્થ્ય અને દૃષ્ટિ બંને ગંભીર જોખમમાં છે.

નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઓક્ટોબર ૨૦૨૪ થી ઇમરાન ખાનને તેમના અંગત ડૉક્ટરને મળવાની મંજૂરી નથી. ઇસ્લામાબાદ હાઇકોર્ટના આદેશો છતાં, તેમની તબીબી તપાસ કરવામાં આવી નથી. પક્ષે જણાવ્યું હતું કે ઓગસ્ટ ૨૦૨૫ થી નિયમિત તપાસની માંગ કરતી અરજી પેન્ડિંગ છે. પીટીઆઈએ આને માનવાધિકાર ઉલ્લંઘન અને રાજકીય બદલો ગણાવ્યો છે.

ઇમરાન ખાન દ્વારા સ્થાપિત શૌકત ખાનમ હોસ્પિટલે પણ તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરી છે. હોસ્પિટલે માંગ કરી છે કે તેની તબીબી ટીમને ઇમરાન ખાનની તપાસ કરવાની મંજૂરી આપવામાં આવે.

# રાહુલ ગાંધીએ સુધારવાની જરૂર, વિજય શર્માએ શકીલ અહેમદના નિવેદનનું સમર્થન કર્યું

રાયપુર,

છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શર્માએ કોંગ્રેસના ભૂતપૂર્વ નેતા શકીલ અહેમદના રાહુલ ગાંધી વિશેના નિવેદનનું સમર્થન કર્યું છે. વિજય શર્માએ કહ્યું કે તેઓ કોઈ પણ કાર્ય જવાબદારીપૂર્વક કરતા નથી. તેમણે કહ્યું, "લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પોતે ભૂલો કરે છે, અને પછી પોતાનું મૂલ્યાંકન કરવાને બદલે બીજાઓને નિશાન બનાવે છે. તેથી, તેઓ ભૂલો કરી રહ્યા છે અને તેના માટે બીજાઓને દોષી ઠેરવી રહ્યા છે." રાહુલ ગાંધીએ પોતાને સુધારવાની જરૂર છે, નહીં તો જનતા તેમને નકારતી રહેશે."

ડેપ્યુટી સીએમ વિજય શર્માએ કહ્યું કે શકીલ અહેમદનું નિવેદન સાચું છે, અને કોંગ્રેસ પાર્ટીએ આના પર ચિંતન કરવાની જરૂર છે, પોતાની ચિંતાઓને બદલે જનતાની ચિંતાઓને પ્રાથમિકતા આપવાની જરૂર છે.છત્તીસગઢના ૪૭ ગામોમાં પ્રથમ વખત પ્રજાસત્તાક દિવસની ઉજવણી પર બીજાપુર, નારાયણપુર અને સુકમા જિલ્લાઓ વિશે વાત કરતાં નાયબ મુખ્યમંત્રી વિજય શર્માએ કહ્યું, "જ્યારથી અમારી સરકાર સત્તામાં આવી છે, ત્યારથી છત્તીસગઢ સતત વિકાસનો અનુભવ કરી રહ્યું છે. તેમાં કોઈ શંકા નથી. અમારી સરકાર જાહેર હિતમાં કામ કરી રહી છે અને નક્સલવાદને નાથવા માટે કામ કરી રહી છે.